**ધ્વનિ પ્રદૂષણ અંગેના ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.03/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનની અમલવારી બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક: HD/COU/e-file/8/2023/0331/M/P.F
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૪/૦૫/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 હેઠળ જારી કરાયેલ અવાજ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, 2000.

(૨) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.03/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/ 528796.

**પરિપત્ર:**

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.03/૧૨/૨૦૧૯ના નોટિફિકેશનથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 હેઠળ જારી કરાયેલ અવાજ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો 2000 ના નિયમ 5(3) દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર્સનો ફરજિયાત ઉપયોગ કરવા નીચે મુજબની સૂચનાઓની અમલવારી કરવા સૂચના આપવામાં આવે છે.

(૧) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા અત્યંત વિલંબથી પ્રતિભાવ આપવામાં આવે અથવા માત્ર ધ્વનિ પ્રદૂષણ બંધ કરાવવામાં આવે અને કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે અથવા અપૂરતી અને અયોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવે અથવા સ્થળ-તપાસ જ કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઇન્ચાર્જ/પોલીસ ટીમના ઇન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે.

(૨) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ અંગે માત્ર આયોજક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે પણ ડીજે/લાઉડસ્પીકરના માલિક/સંચાલક/ઓપરેટર વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન

આવે અને ડીજે/લાઉડસ્પીકરની જપ્તી અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઇન્ચાર્જ/પોલીસ ટીમના ઇન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે.

(૩) પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં ધ્વનિ પ્રદૂષણની ચકાસણી કરવા સારૂ ફાળવેલ Digital Sound Level Meter Devices નો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) આવી કોઈ ફરિયાદ આવે કે બનાવ બને તો તેને ન અટકાવી શકવા માટે કે તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટે ઓપી/ચોકી ઇન્ચાર્જ અને થાણા ઇન્ચાર્જ ઉપરાંત જો આ ધ્વનિ પ્રદૂષણના નોટીફિકેશનનું ઉલ્લંઘન નાઈટ રાઉન્ડ દરમિયાન થયેલ હોય તો નાઈટ ડ્યુટી દરમિયાનના સ્થાનિક પોલીસના નાઈટ રાઉન્ડ ઇન્ચાર્જની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે.

(૫) આ પ્રકારની ઘટનાઓ નિવારવામાં નિષ્ફળતા બદલ સુપરવાઈઝરી અધિકારીઓની લાગુ પડે ત્યાં નિષ્કાળજી, બેદરકારી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

૨. ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની પરવાનગી આપતી વખતે આ સાથે બિડેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર(SOP) અનુસરવાની રહેશે.

3. ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા તમામ લાયસન્સિંગ સત્તાવાળાઓ તથા પોલીસ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Amit

(અમિત રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

૧. અગ્ર સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.

૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

3. સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.

૪. સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.

૫. શાખા સિલેક્ટ ફાઇલ.

# ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP)

(૧) કોઈપણ કાર્યક્રમ કે સભા કે સરઘસ અંગેની પરવાનગી જે-તે આયોજકે લેવાની રહેતી હોય છે. આ ઉપરાંત સદરહુ કાર્યક્રમ કે સભા કે સરઘસ અંગે આયોજક સિવાય જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સિસ્ટમ વગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules, 2000 મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે.

(૨) આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફક્ત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

(૩) આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાંહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

(૪) સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/operatorને મંજૂરી આપવાની રહેશે નહીં.

(૫) સાયલન્સ ઝોનની યાદી દર વર્ષે જિલ્લા કલેક્ટરશ્રી/પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે તથા તેની યાદી તેમના public domain પર પણ મુકવામાં આવશે તથા તેની યાદી સ્થાનિક પોલીસને પણ આપવામાં આવશે. સ્થાનિક પોલીસ દ્વારા ડીજે/લાઉડસ્પીકરની વપરાશ કરવાની પરવાનગી આપતા પહેલા આ બાબત ધ્યાને લેવાની રહેશે તથા તે અનુસાર રૂટ/સ્થાનની પરવાનગી આપવાની રહેશે.

(૬) રાત્રીના ૧૦:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી ડીજે/લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

(૭) જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાંહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતાં વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે."